સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૫૨૩ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૨૦૭ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૩૭ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૪ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૧૨ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૩૬ મેજર ઓપરેશનો તથા ૩૫૮ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૩૭૫, સોનોગ્રાફી ૫૧૭, એમ.આર.આઈ. ૧૩૦ તથા સીટી સ્કેન ૧૦૪ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૩૩૨ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૪૮ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૩૧૦૧૧ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૨૨૧ દર્દીઓ તથા નવા ૭૩૨ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૭/૨૦૧૫ ના રોજ વિકાસના વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણ/તકતીઓની અનાવરણવિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે સુરત ખાતે રાખવામાં આવેલ છે.

"જિલ્લા સબજેલ" વાળી જગ્યામાં સુરત મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી ભવનનું ભૂમિપૂજન

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત જુદા જુદા ઝોન મુખ્ય કચેરીથી સમાન અંતરે રહે અને વિવિધ વિભાગની ઓફિસો, પાર્કિંગ માટે પુરતી જગ્યા અને રોજ–બરોજ કચેરીની મુલાકાતે આવતા શહેરીજનો વિગેરેની સુગમતા રહે તેવી જગ્યાએ સ્થળાંતર કરવી જરૂરી જણાતા સુરત મહાનગરપાલિકા તરફથી સુરત "જિલ્લા સબજેલ" વાળી રીંગરોડ પરની જગ્યા કે જે "સબજેલ" લાજપોર ખાતે સ્થળાંતરીત થયેલ હોય આ ફાજલ પડેલ જગ્યાએ સુરત મહાનગરપાલિકાનું નવુ વહીવટી ભવન બનાવવા માંગણી રાજય સરકારશ્રી પાસે કરતાં તા. ૦૯–૦૫–૨૦૧૫ ના રોજ મજુરા ગેટ પાસેની રીંગરોડ ઉપરની ૨૨,૧૦૦ ચો. મી. "જિલ્લા સબજેલ" વાળી જગ્યા સુરત મહાનગરપાલિકાને સોંપલ

આ "જિલ્લા સબજેલ" વાળી જગ્યા પર ગ્રીન બિલ્ડીંગના કોન્સેપ્ટ સાથે સુરત મહાનગરપાલિકાનું આધુનિક કેન્દ્રીય વહીવટી સંકુલ બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. નવા બિલ્ડીંગમાં સુરત મહાનગરપાલિકાની જુદી જુદી કમિટિઓ, સભાખંડો, વિવિધ ટેકનીકલ–કલેરીકલ વિભાગોની કચેરીઓ, જુદા જુદા મંડળોની કચેરીઓ, કેન્ટીન, તેમજ જરૂરી પાર્કિંગ તથા અન્ય જનરલ ફેસીલીટી માટેની જગ્યાનો સમાવેશ કરવા સાથે ૨૨,૧૦૦ ચો. મી. ની જગ્યામાં આશરે કુલ ૪૯,૦૦૦ ચો. મી. (૫ લાખ ચો. ફુટ) ના બાંધકામ એટલેકે પ્રતિ ફલોર ૨૫,૦૦૦ ચો. ફુટથી ૩૦,૦૦૦ ચો. ફુટ મુજબ આશરે ૧૫ થી ૨૦ માળનું સંકુલ સંભવિત રૂા. ૧૦૦/– કરોડના ખર્ચે બનાવવામાં આવનાર છે.

નોર્થ ઝોનમાં નવો વિસ્તાર અમરોલી,કોસાડ,છાપરાભાઠા તથા ઉત્રાણનો સમાવેશ થયેલ છે. અમરોલી–કતારગામ રોડ, ગજેરા સ્કૂલ નજીક નવી ઝોન ઓફીસ બનવાથી જે લગભગ ઝોનનાં સેન્ટ્રલમાં પડે છે.જેથી વહીવટી દ્રષ્ટિએ તથા લોકોને આવન–જાવન માટે સુવિધાજનક રહેશે. તથા ઝોનનું મોટુ,સુઆયોજીત વહીવટી ભવન બનાવવામાં આવેલ છે.

### પર્ફોર્મીગ આર્ટ સેન્ટરનું લોકાર્પણ

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૨ (અડાજણ), ફા.પ્લોટ નં.૯૦, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ ખાતે સુરત શહેરના વિવિધ ક્ષેત્રનાં ઉભરતા કલાકારોને તેમની પ્રતિભા વિકસાવવા તથા તેનું પ્રદર્શન કરવા માટે એક અનોખુ પ્લેટફોર્મ મળી રહે તે હેતુસર ગુજરાત રાજયમાં પ્રથમ કહી શકાય તેવું પરફોર્મીગ આર્ટ સેન્ટર હાલ સાકારીત થઈ થયેલ છે. ઉપરોકત પરફોર્મીગ આર્ટ સેન્ટરની સીવીલ વર્કની કામગીરી અંદાજીત રૂા.૩,૦૫,૦૦,૦૦૦–૦૦ ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ હાલમાં અંદાજીત રૂા.૧,૪૯,૬૫,૫૨૨–૦૦ ના ખર્ચે ફર્નિચર, એકોસ્ટીક ટ્રીટમેન્ટ તથા અન્ય ઈન્ટીરીયર વર્ક તથા રૂા.૧,૫૭,૬૩,૩૫૪–૦૦ ના ખર્ચે ઈલેકટ્રીફીકેશન, સાઉન્ડ સીસ્ટમ, ફાયર એલાર્મ તથા રેકોર્ડીંગ સીસ્ટમની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.આ પરફોર્મીગ આર્ટ સેન્ટરમાં ૩૦૦ વ્યકિતઓની ક્ષમતા વાળુ ઓડીટોરીયમ (સેન્ટ્રલી એરકન્ડીશન્ડ), રીહર્સલ રૂમ, રેકોર્ડીંગ રૂમ, ડ્રોઈંગ રૂમ, સ્કલ્પચર રૂમ, ફુડપ્લાઝા તથા ડિસપ્લે યુનિટ બેઝમેન્ટ પાર્કીગ, લેન્ડસ્કેપીંગ વિગેરેની અદ્યતન સુવિધા સુરત શહેરના વિવિધ ક્ષેત્રના કલાકારો તેમજ પ્રજાજનો માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

સુરત શહેર વિસ્તારમાં જી.આઈ.ડી.સી નિગમ ધ્વારા જે દિવસથી સુરત મહાનગરપાલિકાને પાંડેસરા જી.આઈ.ડી.સી વિસ્તાર સોંપવામાં આવ્યો તે દિવસથી દર વર્ષે ભારે વજન ધરાવતા ઈન્ડસ્ટ્રીઝ વાહનોના ટ્રાફિક ભારણ, સાઉથ ગુજરાત વિસ્તારની કાળી માટી, ખાનગી કંપની દ્વારા પુરા પાડવમાં આવતા પાણીના સપ્લાય કરતા લીક થતા ટેન્કરો, ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઓપન ટ્રેન્ચ, રસ્તા પર ડીસ્ચાર્જ થતું ડ્રેનેજ પાણી જેવા વિવિધ કારણોસર ચોમાસાની સીઝન બાદ પણ રસ્તા તૂટતા નિભાવણી ખર્ચ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ સુ.મ.પા.ને ભોગવવો પડતો હતો. જે સમસ્યાના કાયમી નિરાકરણ સારુ ટકાઉ સીમેન્ટ કોન્ક્રીટના રસ્તા બનાવવામાં આવેલ છે.

TOP

શહેરી ગરીબ માટેની આવાસ યોજનાઅંતર્ગત શહેરી ગરીબોના આવાસો માટે છેલ્લા સાત (૭) વર્ષ દરમ્યાન અંદાજીત રૂા. ૭૦૦/– કરોડના ખર્ચે ૪૬૮૫૬ આવાસો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી આજદિન સુધીમાં કુલ ૪૫૨૮૮ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે ૪૩૦૧૩ આવાસોને આંતરમાળખાકીય સુવિધાઓ સહિત સંપૂર્ણ સુવિધા યુકત રીતે પૂર્ણ કરેલ છે. અને તે પૈકી ૪૦૦૦૧ આવાસોની ફાળવણી કરી સ્થળાંતર કરવામાં આવેલ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ કરેલ વિસ્તારો અમરોલી, કોસાડ, છાપરાભાઠા તથા ઉત્રાણ છે. ગોપીનાથ સોસાયટી પાસેથી પસાર થતી ખાડી પર આવેલ હયાત પુલની પહોળાઈ અગાઉના હયાત રસ્તાની પહોળાઈ અનુસાર છે. જેથી રસ્તાની પહોળાઈ વધતાં, આ સ્થળે બોટલનેક થતુ હતુ તેમજ ટ્રાફિકના સરળ વહનમાં અડચણ પેદા થતુ હતું જેથી હયાત પુલને ડી.પી. રોડની પહોળાઈને અનુરૂપ બનાવવાની આવશ્યકતા જણાયેલ. વધુમાં, સદર રસ્તો જહાંગીરપુરાથી સાયણ તરફ જતાં ૪૫.૦૦ મીટરનાં મુખ્ય રસ્તાને જોડતો હોય તેમજ અમરોલી છાપરાભાઠા વિસ્તારનાં વિકાસ તેમજ વસ્તી વધારાનાં કારણે વધતા ટ્રાફીકના ભારણને ધ્યાને રાખી હયાત ૩૫ વર્ષ જુના જર્જરિત પુલની જગ્યાએ નવો પુલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ જેનાંથી લોકોની સગવડમાં વધારો થશે તેમજ સમય અને નાંણાની બચત થશે. સદર પુલ અંદાજે રૂા.૦૬.૩૫ કરોડનાં ખર્ચે બાંધવામાં આવેલ છે.

## કુપોષણ નાબૂદી અભિયાન અંતર્ગત બાળકોને દૂધ વિતરણ

સુરત શહેર ખાતે પાંચ ઘટક હેઠળ કુલ ૧૦૦૪ આંગણવાડીઓ કાર્યરત છે.જેમાં જુન ૨૦૧૫ દરમ્યાન ૫૩,૩૮૦ બાળકો, ૨૧,૬૩૮ સગર્ભા અને ધાત્રીમાતાઓ તેમજ ૧૮,૭૪૫ કિશોરીઓ મળી કુલ ૯૩,૭૬૩ લાભાર્થીઓ લાભ લઈ રહયા છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આંગણવાડીના બાળકોમાં કુપોષણ દૂર કરવા હેતુસર ૬ માસથી ૬ વર્ષના ઓછુ વજન ધરાવતા ૨૦,૩૪૫ બાળકોને અઠવાડીયામાં ત્રણ વાર દૂધ વાર્ષિક રૂા. ૧.૯૯ કરોડના સ્વખર્ચે શરૂ કરવા જઈ રહેલ છે.

સને વર્ષ ૨૦૧૨ માં કુલ ૧૦૦૪ પૈકી ભાડે મકાનમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો ૭૧૫ હતા અને પોતાના મકાનમાં ૨૮૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત હતા. પરંતુ છેલ્લા બે વર્ષ દરમ્યાન આંગણવાડી માટે પાકા મકાન બનાવવાની ઝુંબેશ ઉપાડતા તથા જયાં શાળાના ઓરડામાં અથવા મહાનગરપાલિકાની વણઉપયોગી મિલ્કતોમાં આંગણવાડીઓ ખસેડતાં હાલ ૬૨૬ આંગણવાડી કેન્દ્રો પોતાનાં મકાનમાં તથા ૩૭૬ આંગણવાડી કેન્દ્રો ભાડાનાં મકાનમાં કાર્યરત છે. આ ભાડાની આંગણવાડીઓ પૈકી ૩૫૦ આંગણવાડીના મકાન બનાવવા જગ્યા શોધી છે તથા તે પૈકી ૩૧૭ આંગણવાડીઓના ટેન્ડર બહાર પાડી ૨૧૪ આંગણવાડીનું બાંધકામ ચાલુ છે.

આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના અંદાજીત ૨૫,૧૦૦ બાળકોને દૈનિક બપોરનો ગરમ આહાર, શુધ્ધ સાત્વિક અને પૈષ્ટિક મળે તે હેતુસર રાજય સરકાર દ્વારા મળતા ખર્ચ ઉપરાંત સુરત મહાનગરપાલિકા દ્વારા વધારાના એક બાળક દીઠ રોજના રૂા.૧.૭૫ ખર્ચી કુલ ૨૫,૧૦૦ બાળકોના પોષણ આહાર માટે વાર્ષિક રૂા.૧.૩૧ કરોડ ખર્ચ કરી અક્ષયપાત્ર સંસ્થા જેવી સેવાભાવી સંસ્થાને આ કાર્ય જુલાઈ–૧૩ થી સોપેલ છે.

૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો પૈકી ૪૬૭ આંગણવાડી કેન્દ્રોને સ્વૈછીક સંસ્થાઓ દ્વારા દત્તક આપવામાં આવેલ છે. જયારે ૨૧૦ આંગણવાડી કેન્દ્રો કોહ ના વર્ગ–૧,વર્ગ–૨ ના અધિકારીઓને દત્તક આપેલ છે.

પૂરક પોષણ આહારની ગુણવત્તામાં સુધારો થતા તેમજ પૂરક પોષણ આહાર ને લગતી યોજનાઓમાં વધારો થતા સને વર્ષ ૨૦૧૧ માં ૩ થી ૬ વર્ષનાં બાળકોની સંખ્યા ૫૪૪૪ અતિકુપોષિત હતી તે જુન ૨૦૧૫ અંતિત ૨૫૩૪ હોય ૪૬ % બાળકોનો ઘટાડો થયેલ છે.

કુપોષણ દૂર કરવા હેતુસર બાળકો,સગર્ભા તથા ધાત્રીમાતાઓને આંગણવાડી કેન્દ્રો પર બોલાવી વાત્સલ્ય દિવસની તથા બાળદિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં દરેક બાળકને રમકડા ,સગર્ભા માતાને શ્રીફળ અને સાકર. ધાત્રી માતાને હાથ રૂમાલ તથા આમંત્રીત અન્ય બહેનોને આરોગ્ય અને પોષણ શિક્ષણ આપવામાં આવે છે અને દાળભાત અને લાપસી સ્થળ પર બનાવી આંગણવાડી દીઠ રૂા.૧,૪૮૭નો ખર્ચ કરવામાં આવે છે.

TOP

આંગણવાડી ખાતે આવતા ૩ થી ૬ વર્ષનાં બાળકો પૈકી કુપોષિત તથા અતિ કુપોષિત બાળકોને અઠવાડીયામાં ૬ દિવસ ઘરે લઈ જવાનાં નાસ્તા તરીકે લાડુ આપવામાં આવે છે.

૬ માસ થી ૩ વર્ષનાં ૨૨૦૫૯ બાળકોને બાલભોગ માંથી રાબ બનાવી અઠવાડીયામાં ૫ દિવસ આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

આંગણવાડી કેન્દ્રોને ફર્નિચરથી સાધન સંપન્ન કરવા રૂ.૯૧ લાખના ખર્ચે તમામ આંગણવાડી કેન્દ્રોને સ્ટીલ કબાટ,સ્ટીલ ટેબલ તથા ખુરશીઓ આપેલ છે.

સુરત શહેરમાં જયાં ૬ માસથી ૩ વર્ષના બાળકોની સંખ્યા વધુ હોય તેવી ૨૦ આંગણવાડીઓમાં ઘોડીયાઘર પ્રાયોગિક ધોરણે શરૂ કરવા જઈ રહયા છીએ.

આંગણવાડીના બાળકો,સગર્ભા તથા ધાત્રીમાતાઓમાં કુપોષણનું પ્રમાણ તટસ્થ રીતે જાણી શકાય તે હેતુસર તથા આ યોજનાના અમલીકરણમાં પડતી મુશ્કેલી અને તેના નિવારણ અર્થે એમ.એસ.યુનિર્વસિટી,વડોદરા તથા ફુડ ન્યુટ્રીશન વિભાગ શેઠ પી.ટી.મહિલા કોલેજ વનિતા વિશ્રામ,સુરત ને રીસર્ચ અંગેની કામગીરી સોપવામાં આવેલી છે.

## બી.આર.ટી.એસ. પ્રોજેકટ

પાંડેસરા, પિયુષ કોમ્પલેક્ષ જંકશન પર બનાવવામાં આવનાર ફલાય ઓવર બ્રીજનું ખાતમુહૂર્ત

સુરત શહેરના વિવિધ વિસ્તારોના મુખ્ય રસ્તાઓને બી.આર.ટી.એસ. કોરીડોર તરીકે વિકસાવવાના તથા સુરત શહેરને સુંગઠિત, સુયોજીત પબ્લીક માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા પૂરી પાડવાના હેતુસર સુરત બી.આર.ટી.એસ. પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ. જેમાં બી.આર.ટી.એસ. ફેઝ–ર અંતર્ગત અણુવ્રત ધ્વાર થી સેન્ટ થોમસ સ્કુલ થઈ દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના રસ્તાનો પણ બી.આર.ટી.એસ. રૂટમાં સમાવેશ કરવામાં આવેલ. પિયુષ કોમ્પલેક્ષ જંકશન પર ફકત ૨×૨ લેન બ્રીજ બનાવી જંકશન પર ફલાય ઓવર બ્રીજ ઉપરથી મીક્ષ ટ્રાફિક સાથે બી.આર.ટી. બસ પસાર થાય તે મુજબનું પ્લાનીંગ કરવામાં આવેલ છે તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનું નામકરણ કરવામાં આવશે

આ કાર્યક્રમો માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ના પ્રમુખ સ્થાને તેમજ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે રાખવામાં આવેલ છે. જે પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યુ નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૯/૦૭/૨૦૧૫ ના રોજ વિકાસના વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણ/તકતીઓની અનાવરણવિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે કરવામાં આવેલ પ્રથમ સુરત મહાનગરપાલિકાની નવી મધ્યસ્થ કચેરી નું ભૂમિપૂજન ત્યારબાદ કતારગામ ઝોન ઓફિસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને ત્યાંથી પાલ ખાતે સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણવિધિ જેવી કે અધતન સુવિધાયુકત પર્ફોમીંગ આર્ટ સેન્ટર,ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ યોજના હેઠળ પાંડેસરા જી.આઈ.ડી.સી.ના સી.સી.રોડ અને અમરોલી છાપરાભાઠા નવા પુલની તેમજ પિયુષ ચાર રસ્તા પાસે બી.આર.ટી.એસ ફલાય ઓવર બ્રીજનું ખાતમુહૂર્તવિધિની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવી હતી

સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું

માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ પોતાના ઉદ્‌બોધન જણાવ્યું હતું કે ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલે સુરત મહાનગરપાલિકાને સબજેલ ની જગ્યા ફાળવી અને આજે એમના વરદ્‌હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું આ જગ્યા પર મહાનગરપાલિકાનું સપુર્ણ સુવિધા સહિતનું વિશાળ વહીવટી ભવન ટુંક સમયમાં નિર્માણ થશે માન.મુખ્યમંત્રીશ્રી આજરોજ સુરત મહાનગર ની સેવામાં વિવિધ પ્રકલ્પો ની તકતીઓના અનાવરણવિધિ માટે અમુલ્ય સમય ફાળવ્યો તે બદલ આભાર વ્યકત કર્યો હતો





ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્‌હસ્તે સુરત મહાનગરપાલિકાના બ્રીજના વિવિધ પ્રકલ્પોના નામકરણની પુસ્તિકા તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનું નામકરણ ની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું

ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્‌હસ્તે સુમન અનમોલ આવાસ તથા ભીમનગર આવાસોના દશ લાભાર્થીઓને ચાવી અર્પણ કરવામાં આવી કુષોષણ નાબુદી અભિયાન અંતર્ગત નાના બાળકોને માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા અન્ય મહાનુભાવો ધ્વારા દુધનું વિતરણ કરવામાં આવ્યું મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સત્તારૂપી સાગર પ્રાપ્ત થાય એ લોકોની સેવા માટે હોય છે કુષોષિત બાળક રહે તે યોગ્ય ન કહેવાય એ માટે દુધ સંજીવનીનો પ્રકલ્પ શરૂ કરવામાં આવ્યો છે.બાળક સ્વસ્થ ન હોય તો અભ્યાસ ન કરી શકે બાળકો ને દૂધ દ્વારા પોષણ મળે એ જરૂરી છે. એક સમયે ઘરના તમામ સભ્યોને દુધ,છાશ મળતુ હતુ પરંતુ ડેરીઓને કારણે આજે તે ડેરીઓ માં જતું રહયું જેથી પરિવારમાં અઢી સો ગ્રામ દુધ રહેતું હશે.ગરીબાઈના કારણે બાળકોનું ધ્યાન ન આપી શકાતું હોય તે રાજય સરકારની ફરજ બને છે અને જે બાળકોને મેડીકલ સારવારની જરૂર છે.તેનો પણ શુભારંભ કર્યો છે.આંગણવાડીમાં બાળકોનું દેશમાં પ્રથમવાર સ્કીનીંગ કરવામાં આવી રહયું છે.જેને તાત્કાલિકા મેડીકલ સેવા ની આવશ્યકતા હોય તેમને સરકારી અને પ્રાઈવેટ દવાખાનામાં ભરતી કરી રહયા છે.કુષોષિત બાળકોને સાંરુ ભોજન મળે એવી વ્યવસ્થા થાય તો એ બાળકો બે–ચાર માસ માં કુષોષણ મુકત બની શકે કેટલાક પરિવારોમાં નાના બાળકોને મોતીયો થયો છે જેમના પણ ઓપરેશનો પણ થઈ રહયા છે.જેમની આંખ બચાવવા રાજય સરકાર મેદાને પડી છે.રાજયના કાઈ પણ બાળકો કીડની,હાર્ટ કેન્સર યુકત હોય તેમની સારવાર ફ્રી આપવામાં આવે છે.દર વર્ષ હોસ્પિટલમાં દશ હજારથી વધુ આંખ,હાર્ટ,કેન્સર જેવા રોગોના ઓપરેશન કરવામાં આવે છે.આપણે પબ્લીક હેલ્થ માટે નવી યુનિવસીર્ટી શરૂ કરી છે

 

પબ્લીક હેલ્થ યુનિવસીટી લોકોમાં રોગ ન થાય તે માટે જાગૃતિ લાવશે ૧જુન થી ડાયાબીટીસ,બ્રેસ્ટ કેન્સર,બાળકોનું સ્કીનીંગ કરવાનું નકકી કર્યુ છે.તમામ કાર્યકતાઓને તેમના વિસ્તારના ભાઈ–બહેનાના સ્કીનીંગ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ છે.સ્કીનીંગ કરાવ્યેથી જો કેન્સર જેવી બિમારી હોય તો વિના મુલ્યે સરકાર સારવાર આપશે.એક વ્યકિત પાછળ દર વર્ષે રૂ.સાત હજારનો ખર્ચ થાય છે.જે બચાવી શકાય છે.ગુજરાતની છ કરોડ પ્રજાને સ્કીનીંગ કરાવી લેવા જણાવ્યું હતુ માન.મુખ્યમંત્રીએ શહેરના રોડ રસ્તા તથા સાફ–સફાઈના ભારોભાર વખાણ કર્યા હતા.

સુરતમાં અધતન ટેકનોલોજીના માધ્યમ વડે ગુનાખોરી રોકવા અને ગુનેગારોને પકડવા વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું જણાવી ગુજરાતની પ્રજાની સુરક્ષા આધુનિક ઢબે થાય એ માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે જાપાનના સહયોગથી સોફટવેર તૈયાર કરી પ્રોજેકટમાં મુકવામાં આવેલ છે.જેથી કોઈ પણ ગુનેગારનો અસલ ચહેરો ઓળખી શકાશે સુરત શહેરમાં રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન પર આ પ્રકારના કેમેરા લગાડવમાં આવેલ છે.દેશમાં પ્રજાની સુરક્ષા માટે એકમાત્ર ગુજરાત આગેકદમ રહયું હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સીસીટીવી કેમેરા થકી ૨૭ ટકા જેટલું ગુનાનું પ્રમાણ ધટયું છે.સોફટવેરમાં ૨૦ હજાર ઉપરાંત ગુનેગારોની ઓળખ સામેલ કરવામાં આવેલ છે.શહેરીજનો ટ્રાફિકના કાયદાનું પાલન કરવા સુચન કર્યું.

આ પ્રસંગે માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી,માન.દંડકશ્રી અજયકુમાર ચોકસી, ,ગુજરાત હાઉસીંગ બોર્ડના માન.અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,માન. સાંસદશ્રી સી.આર.પાટીલ,માન. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ,માન.સાંસદશ્રી પરભુભાઈ વસાવા,માન.ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા,માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાલા),માન.કલેકટર ડૉ.રાજેન્દ્ર કુમાર,માન.પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના, ન.પ્રા.શિ.અધ્યક્ષશ્રી અતુલભાઈ પટેલ,દ.ગુ.યુ.ના કુલપતિશ્રી દક્ષેશ ઠાકર,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,પત્રકારશ્રીઓ,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

કાર્યક્રમના અંતે માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન.કે.વેકરીયાએ આભારવિધિ કરી હતી

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

વિવિધ બ્રિજના નામકરણની યાદી

| અ.નં. | બ્રિજના સ્થળની વિગત | નામકરણ |
|---|---|---|
| ૧ | તાપી નદી ઉપર હોપપુલની જગ્યાએ નવા બંધાતા ચોક અને અડાજણને જોડતો પુલ. | શ્રી છત્રપતિ શિવાજી બ્રિજ |
| ૨ | તાપી નદી ઉપર જીલાની કોમ્પલેક્ષથી પાલિયા કોતર નં.૭ ને જોડતો પુલ. | શ્રી ચંદ્રશેખર આઝાદ બ્રિજ |
| ૩ | વરાછા વિસ્તારમાં તાપી નદી પર કપાદ્રા (ભરવાડ ફળિયા) થી ઉત્રાણને જોડતા પુલ. | શ્રી સ્વામી દયાનંદ સરસ્વતી બ્રિજ |
| ૪ | દિલ્હીગેટ જંકશન પાસે બાંધવામાં આવેલ ફલાય ઓવર બ્રીજ. | શ્રી મદનલાલ ઢિંગરા બ્રિજ |
| **૫** | કતારગામ મેઈન રોડ પર ફલાય ઓવર બ્રીજ. | શ્રી રામકૃષ્ણ પરમહંસ બ્રિજ |
| ૬ | પુર્વ ઝોન(વરાછા) વિસ્તારમાં બોમ્બે માર્કેટથી પુણાગામ તરફ જતા ૨૪.૦૦ મીટર પહોળા ટી.પી.રોડ પર અર્ચના વિદ્યાલય પાસે ફલાય ઓવર બ્રીજ બાંધવાનું કામ. | શ્રી મહર્ષિ અરવિંદ ઘોષ બ્રિજ |
| ૭ | ઉધના–મગદલ્લા રોડ પર, ભટાર ચાર રસ્તા એવર સાઈન સર્કલ જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ . | શ્રી પૃથ્વીરાજ ચૌહાણ બ્રિજ |
| ૮ | ઉધના–મગદલ્લા રોડ ઉપર આવેલ " સોસ્યો સર્કલ" જંકશન પર ફલાય ઓવર બ્રીજ. | શ્રી બાલ ગંગાધર તિલક બ્રિજ |
| ૯ | સુરત – ભુસાવલ મેઈન રેલ્વે લાઈન પર ભેસ્તાન–ભુસાવલ લુપ લાઈન ઉપર આવેલ લેવલ ક્રોસીંગ નં. ૩ – સીની જગ્યાએ ગોડાદરા અને ડીંડોલીને જોડતા ૪૫.૦૦ મીટરના ટી.પી/ ડી.પી. રસ્તા પર રેલ્વે ઓવર બ્રીજ (આર.ઓ.બી). | શ્રી મહારાણા પ્રતાપ બ્રિજ |
| ૧૦ | આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે રેલ્વે કલવર્ટ નં.૪૪૦–એ પર રેલ્વે ઓવર બ્રીજ. | શ્રી મંગલ પાંડે બ્રિજ |
| ૧૧ | સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મુંબઈ–સુરત મેઈન રેલ્વે લાઈન ઉપર ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે આવેલ લેવલ ક્રોસીંગ નં.૧૪૩ પર આર.ઓ.બી. | શ્રી સંતતુકારામ બ્રિજ |
| ૧૨ | ઉધના ઉદ્યોગ નગરથી ડીંડોલીને જોડતા રેલ્વે કલ્વર્ટ નં.૪૩૬(ડીંડોલી) નજીક આર.ઓ.બી. | શ્રી વીર દુર્ગાદાસ રાઠોડ બ્રિજ |
| ૧૩ | સુમુલ ડેરી રોડ પર લેવલ ક્રોસીગ નં.૧૪૬ પર રેલ્વે ઓવર બ્રીજ. | શ્રી ગુરુતેગ બહાદુર સિંહ બ્રિજ |
| ૧૪ | અમરોલી થી છાપરાભાઠા રોડ ઉપર ગોપીનાથ સોસાયટી પાસે ખાડી ઉપર અપસ્ટ્રીમ તરફ, ડાઉન સ્ટ્રીમ બાજુએ તેમજ હયાત પુલની જગ્યાએ નવો પુલ. | શ્રી ચાંફેકર બંધુ બ્રિજ |

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૭/૨૦૧૫ થી તા.૧૯/૦૭/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૧૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૬૦૪૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૫૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૪૯૭ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૭૧,૬૫,૦૯૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૮ એન્ટ્રીમાં રૂા.૬૧,૮૨૦/– અને આર.સી.ની ૪૨ એન્ટ્રીમાં રૂા.૧,૭૯,૭૩૦/– મળી કુલ રૂા.૨,૪૧,૫૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૫ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૩ ફાઈલોના રૂા.૮,૨૩,૧૬૩/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૫૬,૬૦૦/–, મિલ્કતા ભાડાના રૂા.૧૫૬૯/, દબાણ ચાર્જના રૂા.૭,૨૫૦/– તેમજ વહીવટી ભાર્જ રૂા.૧૮૭૮/– મળી કુલ રૂા.૬૭,૨૯૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૦.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૬ ફાઈલના રૂા.૪.૯૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૬ લોકેશન(ખાડા)૩૭૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૦.૧૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૨૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૪૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૪ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૬ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા નવા પાણીના કનેકશન કુલ–૩૬ આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૮૯ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૮.૪૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૬.૧૩ લાખ થયેલ છે.,૧૭ ભહ તથા ૧૨ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૯૨૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૩.૫૨૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૨ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૩૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૬૭૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૧૯૪૩૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૦૭૬ કરવામાં આવેલ છે. જયારે ૧૧ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

ઉધના ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ સતનામનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૩૦ લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૯/૧ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વદ્યદગચોઢખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૦/૦૭/૨૦૧૫ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ઉધના ઝોન ,દબાણ ડેપો ખાતે મ્યુ. સભ્યશ્રી દિનેશભાઈ જયંતિલાલ પટેલ અને શ્રી સોમનાથભાઈ રઘુનાથભાઈ મરાઠેની તથા ઉધના ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૫ થી તા.૧૯/૦૭/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૬,૫૪૦/–, વેસ્ટઝોન – રૂા.૪,૫૦૦/–, સાઉથઝોન – રૂા.૫,૨૦૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૧,૨૩૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૧૦,૩૯૦/–, નોર્થઝોન – રૂા.૬,૦૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૨૪,૩૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૬૮,૨૬૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## –: પ્રેસનોટ :–

## તાપી માતા જન્મ દિન ઉજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૭/૨૦૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આવેલ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૧૫૨, બ્લોક નં.૧૬૩ માં આવેલ ગણેશનગર સોસાયટી વિભાગ – ૨ માં આજરોજ ડિમોલીશન અન્વયે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકામાં આવેલ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા) ના ફા.પ્લોટ નં.૧૫૨, બ્લોક નં.૧૬૩ માં આવેલ ગણેશનગર સોસાયટી વિભાગ – ૨ ના સબપ્લોટ નં.૬૩,૬૪ ગ્રાઉન્ડ ફ્લોર ત્ર ત્રણ માળની હયાત રેસીડેન્સીયલ મિલ્કતમાં ત્રીજા માળે આર.સી.સી. સ્લેબ નુ સુરત મહાનગરપાલિકાની પુર્વ મંજુરી વિના ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. સદરહુ બાંધકામ તાકીદે દુર કરવા સુચના આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર અશોક ભીમરાવ ગવાણે દ્વારા અવગણના કરવામાં આવતા આજ તા. ૨૧/૦૭/૨૦૧૫ ના રોજ અત્રેની ઝોન કચેરીના શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાન્કટરોના ૨૫ માણસો ઉપરાંત બેલદારો અને ત્રણ બ્રેકર મશીનની મદદથી ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી ૧૦૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં થયેલ આર.સી.સી.સ્લેબ તથા આશરે ૬૦૦ ચો.ફુટ ચણતરકામનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ સોસાયટીના સબપ્લોટ નં.૯,૧૦,૧૧ માં મિલ્કતદાર કામેશ્વરપ્રસાદ દ્વારા સુરત મહાનગરપાલિકાની પુર્વ મંજુરી વિના ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. સદરહુ બાંધકામ તાકીદે દુર કરવા સુચના આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર દ્વારા સુચનાને અવગણીને બાંધકામ શરૂ રાખેલ. તે અન્વયે આજ તા.૨૧/૦૭/૨૦૧૫ ના રોજ સુ.મ.પા. દ્વારા ગેરકાયદેસર મિલ્કતમાં ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી જેમા ગ્રાઉન્ડ ફ્લોર ત્ર ત્રણ માળની હયાત રેસીડેન્સીયલ મિલ્કતમાં ત્રીજા માળે આશરે ૧૨૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં દિવાલોનું ચણતરકામ તથા આશરે ૮૦ ચો.ફુટ માપવિસ્તારમાં આર.સી.સી.સ્લેબનું બાંધકામના ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ સોસાયટીના સબપ્લોટ નં.૪૮,૪૯ માં મિલ્કતદાર મનોજસિંગ યાદવ દ્વારા સુરત મહાનગરપાલિકાની પુર્વ મંજુરી વિના ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. સદરહુ બાંધકામ તાકીદે દુર કરવા સુચના આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર દ્વારા સુચનાને અવગણીને બાંધકામ શરૂ રાખેલ. તે અન્વયે આજ તા.૨૧/૦૭/૨૦૧૫ ના રોજ સુ.મ.પા. દ્વારા ગેરકાયદેસર મિલ્કતમાં ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી જેમા ગ્રાઉન્ડ ફ્લોર ત્ર ચાર માળની હયાત રેસીડેન્સીયલ મિલ્કતમાં ચોથા માળે આશરે ૪૮૦ ચો.ફુટ માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી.સ્લેબનું સેન્ટરીંગ કામ તથા આશરે ૬૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં થયેલ ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે.તથા ત્રીજા માળની ડિમોલીશનની કામગીરી ચાલુ રાખેલ છે.

સદરહુ સોસાયટીના સબપ્લોટ નં.૧૩૬ ની બાજુમા આવેલ વિવાદીત જમીનમાં આશરે ૧૨ ' × ૪૦' ફુટ માપવિસ્તારમા આવેલ ગાળા નંગ–૩ ના ગ્રાઉન્ડ ફ્લોરનું આશરે ૧૪૪૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા દિવાલોના ચણતરકામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજરોજ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી દરમ્યાન પોલિસ ખાતાના પોલીસ ઈન્સ્પેકટર – ૧, પોલીસ સબઈન્સ્પેકટર – ૧, કોન્સ્ટેબલ – ૧૦, મહીલા કોન્સ્ટેબલ – ૫, તેમજ શહેર વિકાસ વિભાગના ડે.ટાઉન પ્લાનર, ડે.ઈજનેર, આસી.ઈજનેરો, સુપરવાઈઝર, ટેકનીકલ સ્ટાફ રોકાયેલ.

તદઉપરાંત તા.૨૦/૦૭/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૩(કુંભાલ) માં આવેલ ફા.પ્લોટ નં. ૪૭/બી પૈકીમાં આવેલ જલારામ નગર–૩ સોસાયટી માં આવેલ સી.ઓ.પી. ની જગ્યામાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ બાંધકામને ડિમોલીશન કરી દુર કરવામાં આવેલ. અત્રેની ઝોન કચેરીના શહેર વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાન્કટરોના માણસો ઉપરાંત બેલદારો અને ત્રણ બ્રેકર મશીનની મદદથી ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી ૮૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં થયેલ આર.સી.સી.સ્લેબ તથા આશરે ૧૨૦૦ ચો.ફુટ ચણતરકામનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. તથા સેન્ટરીંગ શટરીંગ નું સામાન તથા સ્ટીલ જમા લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૨૧.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૪૬ ફાઈલના રૂા.૧૩.૧૩ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૮ લોકેશન(ખાડા)૩૬૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૩૨૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૭૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૮૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૮ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૪ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા ટી.પી.૨(ઉધના) ફા. પ્લોટ નં.૨૯ લકકી ટીમ્બરની ગલીમાં ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્કુલનું ડીમોલીશ કરવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૫ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૧૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૩૩.૬૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૭.૦૮ લાખ થયેલ છે.,૧૨ ભહ તથા ૦૮  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૫૭૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૨૪.૮૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૫ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૬૪૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૧૮૯૫૦  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૨ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૦૧૪ કરવામાં આવેલ છે. જયારે ૨૦ નોટીસ આપવામાં આવેલ  છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## –: પ્રેસનોટ :–

## સાઉથઝોન(ઉધના)

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

(૧) સાઉથઝોન(ઉધના) ટી.પી. ૨, ફા.પ્લોટ નં.૨૯ માં આવેલ લકી ડાઈંગ વાળી મિલ્કતમાં અત્રેથી ગ્રાઉન્ડ ત્ર બે માળની મિલ્કત ગૃડા–૨૦૧૧ અન્વયે અત્રેથી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ મિલ્કતદાર ધ્વારા સક્ષમ સત્તાધીશની મંજુરી વગર વધારાનું બાંધકામ કરવામાં આવેલ. જે અન્વયે અત્રેથી તા.૧૨/૦૭/૨૦૧૫ ના રોજ ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તથા ચણતર કામનું ડિમોલીશન કરવામાં આવેલ. રૂા.૪૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ તથા વધારાનું બાંધકામ મિલ્કતદાર ધ્વારા સ્વૈચ્છિક રીતે ડીમોલીશન કરવાની બાંહેધરી આપવામાં આવેલ પરંતુ મિલ્કતદાર ધ્વારા બાંહેધરીનો અમલ ન કરતા અત્રેથી તા.૨૧/૦૭/૨૦૧૫ ના રોજ ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તથા ચણતર દૂર કરવામાં આવેલ તથા હાલમાં ડિમોલીશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ ખાતાના સ્ટાફના સંકલનમાં રહી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૧૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૮૨૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧,૧૧,૪૩,૫૧૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૪ એન્ટ્રીમાં રૂા.૫૫,૧૭૦/– અને આર.સી.ની ૪૦ એન્ટ્રીમાં રૂા.૬,૬૮,૫૨૦/– મળી કુલ રૂા.૭,૨૩,૬૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧૦૦૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૩૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૨ ફાઈલોના રૂા.૪,૧૨,૯૦૬/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૧,૪૬,૮૪૬/–, મંડપ ચાર્જના રૂા.૧૪૫૫/, દબાણ ચાર્જના રૂા.૧,૦૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧૧૦૦/– મળી કુલ રૂા.૧,૫૦,૪૪૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા માશ ટ્રાન્સપોર્ટેશન અંતર્ગત ખચતક ફેઝ-૧ના બે કોરિડોર હાલમાં કાર્યરત છે. જેમાં ઉધના-સચીન કોરિડોર અને કેનાલ કોરિડોર (Y-જંકશન ડુમસ રિસોર્ટ થી સરથાણા નેચર પાર્ક) સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે.

તા. ૨૦-૦૪-૨૦૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે મા. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ખચતક ફેઝ-૧ના કેનાલ કોરિડોર ઉપર બસ ઓપરેશન્સ શરૂ કરવામાં આવેલ છેઈ તા.૨૦ એપ્રિલ૯ ૨૦૧૫ થી ૧૭ મે૯ ૨૦૧૫ સુધી શહેરીજનો ખચતક બસ સેવાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે એ હેતુસર ખચતક બસની સેવા આ કોરિડોરમાં ફ્રી રાખવામા આવેલ હતી આ સમયગાળા દરમ્યાન કેનાલ કોરિડોર પર કુલ ૩,૯૪૯૯૬૫ જેટલા પેસેન્જરોએ ખચતક બસની સેવાનો લાભ લીધેલ હતો.

તા. ૧૮ મે, ૨૦૧૫ થી કેનાલ કોરિડોર ઉપર પણ કોમર્શિયલ ઓપરેશન્સ શરૂ કરવામાં આવેલ છે૯શહેરીજનોએ ખચતક બસની સેવાનો લાભ તેમ છતાં સદંતર ચાલુ રાખેલ છે. શહેરીજનો દ્વારા BRTS બસની સેવાને ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડ્યો છે જે મુજબ તા.૧૮ મે૯ ૨૦૧૫ થી તા.૧૭ જુન૯૨૦૧૫ સુધી ૪૯૦૦૯૪૬૩ પેસેન્જરો તથા તા.૧૮ જુન, ૨૦૧૫ થી તા.૧૭ જુલાઇ,૨૦૧૫ સુધી ૪૯૭૭,૧૯૭ પેસેન્જરોએ BRTS બસનો લાભ લીધેલ છે જેની માહિતી નીચે મુજબ પત્રકમાં દર્શાવેલ છે.

| Week | Period | Canal Corridor | | Udhna-Sachin Corridor Avg. Pass. per day | Total Avg. Pass. per day |
|---|---|---|---|---|---|
| | | Avg. Passenger per day | Avg. Pass. per Trip | | |
| 1st | 18-05-15 to 24-05-15 | 6504 | 42 | 5403 | 11908 |
| 2nd | 25-05-15 to 31-05-15 | 7229 | 48 | 5525 | 12754 |
| 3rd | 01-06-15 to 07-06-15 | 7442 | 49 | 5546 | 12989 |
| 4th | 08-06-15 to 14-06-15 | 7493 | 49 | 5984 | 13478 |
| 5th | 15-06-15 to 21-06-15 | 8311 | 55 | 6235 | 14546 |
| 6th | 22-06-15 to 28-06-15 | 7834 | 51 | 6449 | 14284 |
| 7th | 29-06-15 to 05-07-15 | 9047 | 60 | 7006 | 16054 |
| 8th | 06-07-15 to 12-07-15 | 9814 | 64 | 7025 | 16839 |
| 9th | 13-07-15 to 19-07-15 | 10761 | 70 | 7427 | 18188 |

આમ, ઉપરોક્ત પત્રક જોતાં એવરેજ પેસેન્જરની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો જોવા મળી રહેલ છે.

શહેરીજનોએ ખચતક ના કેનાલ કોરિડોરને ખૂબ જ સારો પ્રતિસાદ આપેલ છે. તા. ૧૮ જુલાઇ, ૨૦૧૫ ના રોજ મહત્તમ ૨૦,૧૭૩ પ્રવાસીઓએ BRTS બસોમાં મુસાફરી કરેલ છે, ઉપરાંત કેનાલ કોરિડોર શરૂ થવાને લીધે ઉધના-સચીન કોરિડોરના પેસેન્જરોની સંખ્યામાં પણ વધારો થઈ રહેલ છે. આમ, વધુને વધુ શહેરીજનો BRTS માશ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરી પર્યાવરણ સુધારણામાં ભાગીદાર બને તેવી હાર્દિક અપીલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) નાં વોર્ડ નં. ૩૧– પાંડેસરા / બમરોલી ના કાર્યક્ષેત્ર માં આવેલ હરિઓમનગર – શકિત નગરના મેઈન રોડ ઉપર વગર પરવાને ગેરકાયદેસર રીતે મટન, ચીકનનું વેચાણ કરતાં ઈસમો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન કુલ–૩ (ત્રણ) સંસ્થાઓ વગર પરવાને ગેરકાયદેસર મટન, ચીકનનું વેચાણ કરતી માલૂમ પડલે. સદર સંસ્થાઓમાં ગંદકી હોવાથી અખાદ્ય ૧૦ કિ.ગ્રા. મટન/ચીકનનો નાશ કરાવી રૂ. ૫૦૦૦/– વહીવટી ખર્ચ પેટે વસૂલાત કરેલ છે. અને લાકડાનાં ઢીમચા –૪ તથા છરા– ૭ નંગ જપ્ત કરી સદર ૩(ત્રણ) સંસ્થાઓ બંધ કરાવવામાં આવેલ છે.

TOP

# <u>પ્રેસનોટ</u>

## પરફોર્મિંગ આર્ટ સેન્ટર

સુરત મહાનગરપાલિકા દ્વારા નગરજનોમાં કલાગુણો વિકસાવવાના હેતુને ધ્યાનમાં લઈને પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ એલ. પી. સવાણી રોડ, અડાજણ–પાલ ખાતે **પરફોર્મિંગ આર્ટ સેન્ટરનું** નિર્માણ કરવામાં આવેલ છે. આ પરફોર્મિંગ આર્ટ સેન્ટરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ઓડિટોરીયમ, રેકોર્ડિંગ રૂમ, ડાન્સ અને મ્યુઝિક રિહર્સલ રૂમ, ડ્રોઈંગ રૂમ અને સ્કલ્પચર રૂમની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સદર **નવનિર્મિત પરફોર્મિંગ આર્ટ સેન્ટરનું લોકાર્પણ મા. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા તા. ૧૯/૦૭/૨૦૧૫ના રોજ કરવામાં આવેલ છે.**

આ પરફોર્મિંગ આર્ટ સેન્ટરનો નગરજનો પોતાની કલાને અભિવ્યકત કરવા, નિખારવા તથા લોકો સમક્ષ પ્રસ્તુત કરવા ઉપયોગ કરી શકશે. અહીં આવેલ **સંપૂર્ણ વાતાનુકૂલિત ઓડિટોરીયમ** ૩૧૩ બેઠક વ્યવસ્થાથી સજ્જ છે, જેનો આ ઉપરાંત અહી સેમીનાર, પ્રવચનો, નાટક, શાસ્ત્રીય સંગીત, નૃત્ય વિગેરે જેવા કાર્યક્રમોના રિહર્સલ, ભજવણી તથા વ્યવસાયિક કાર્યક્રમોના આયોજન થઈ શકશે. જયારે **રેકોર્ડિંગ રૂમ**માં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ગ્રુપ રેકોર્ડિંગ, વોકલ રેકોર્ડિંગ, બેકગ્રાઉન્ડ મ્યુઝિક ક્રિએશન, વોઈસ–ઓવર / ડાયલોગ રીપ્લેસમેન્ટ કરવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ઉપરાંત **ડાન્સ રૂમ**માં કલાસીકલ તથા વિવિધ પ્રકારના ડાન્સના ટ્રેનીંગ પ્રોગ્રામ, વિવિધ પ્રકારના ઓડીશન જેવા કાર્યક્રમો કરી શકાશે જે માટે ડાન્સ રૂમમાં વુડન ફલોરીંગ, પ્રેકટીસની સરળતા માટે મીરર એસેમ્બલી, મ્યુઝિક સીસ્ટમ, આધુનિક સાઉન્ડ અને લાઈટીંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. **મ્યુઝિક રૂમ**નો ઉપયોગ મ્યુઝિક પરર્ફોમન્સ, એન્ડ પરર્ફોમન્સ પ્રેકટીસ તથા ક્રીએશન, ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝિક ક્રીએશન તથા રેકોર્ડીંગ, મ્યુઝિકલ આલ્બમ મેકીંગ માટે તેમજ મ્યુઝિકના વર્ગો વિગેરેનું પણ આયોજન કરી શકાશે. વધુમાં **સ્કલ્પટીંગ રૂમ**માં પોટરી મેકીંગ, સ્કલ્પટીંગ તથા મ્યુરલ વર્કસ. કોમ્પ્યુટર દ્વારા ડીઝાઈન મેકીંગ વિગેરે કરવા સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે જે માટે હોટ પ્લેટ, ઈલેકટ્રીક પોટરી, એચીંગ પ્રેસ, સીરામીક ફરનેસનો ઉપયોગ કરી શકાશે. **ડ્રોઈંગ રૂમ**નો ઉપયોગ ડ્રોઈંગ વર્કસ, ફાઈન આર્ટ કલાસીસ, પોટ્રેટ મેકીંગ, સબ્જેકટ ડ્રોઈંગ/ લાઈવ સ્ટુડીઓ ડ્રોઈંગ, આર્ટ ડીસ્પ્લે માટે વાપરી શકાશે જે માટે વિવિધ પ્રકારના ટેબલો, ડીસ્પ્લે બોર્ડ, ઈઝલ વિગેરેનો ઉપયોગ કરી શકાશે.

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ નવનિર્મિત પરફોર્મિંગ આર્ટ સેન્ટરનું લોકાર્પણ મા. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા તા. ૧૯/૦૭/૨૦૧૫ના રોજ થયા બાદ આ સેન્ટરના બહોળા ઉપયોગ થકી લાભ લેવા માટે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૪૦૪/૨૦૧૫ તા.૨૮/૫/૨૦૧૫ ની મંજુરી અન્વયે તા.૨૦ – ૨૬ જુલાઈ ૨૦૧૫ સુધી શહેરના કલાકારોને 'Inaugural Performances' માટે વિનામૂલ્યે ફાળવવાનું નકકી કરવામાં આવેલ જે માટે શહેરીજનો દ્વારા ૧૨ અરજી અત્રે પ્રાપ્ત થયેલ છે, જેના કાર્યક્રમ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે તા.૨૧ જુલાઈ ૨૦૧૫ થી ડાન્સ વર્ક શોપ, ડ્રોઈંગ વર્ક શોપ તેમજ દરરોજ તા.૨૨/૭/૨૦૧૫ થી તા.૨૬/૭/૨૦૧૫ સુધી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે, જેનો લાભ શહેરજનો વિના મૂલ્યે લઈ શકશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા નગરજનોમાં કલાગુણો વિકસાવવાના હેતુને ધ્યાનમાં લઈને માનદસેવાથી રાહતદરે કલાને લગતા વર્ગો ચલાવવામાં આવશે જે માટે ઉત્સુક કલા સંસ્થાઓ/ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ આ માટે અરજી પત્રક પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતેથી સોમવારથી શનિવાર સુધી ઓફિસ સમય દરમ્યાન સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી રૂા.૨૦/– આપી અરજી પત્રક મેળવી શકશે અને પત્રક ભરીને પાછુ આપી શકાશે. પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે

TOP

ઉપલ્બધ સુવિધાઓ વ્યકિત/ સંસ્થા ભાડેથી ૧૫૦ દિવસ અગાઉ બુકીગ કરી શકશે. પરફોર્મિંગ આર્ટ સેન્ટરની વધુ માહિતી Website : www.suratmunicipal.org પરથી ઉપલબ્ધ થઈ શકશે તથા પૂછપરછ ઈ–મેઈલ દ્વારા પણ કરી શકાશે, E mail : performingartcentre@suratmunicipal.org .

પરફોર્મિંગ આર્ટ સેન્ટરમાં આવેલ વિવિધ ભવનોના વપરાશ માટેનો સમય ખંડ નીચે મુજબ રહેશે:

- **ઓડીટોરીયમ:** કાર્યક્રમ/ રીહર્સલ માટેના સેશન (૩ : ૩૦ કલાક પ્રતિ સેસન)
- સવારે ૯ : ૩૦ થી ૧ : ૦૦, બપોરે ૩ : ૦૦ થી ૬ : ૩૦, રાત્રે ૮: ૩૦ થી ૧૨ : ૦૦
- **રેકોર્ડીગ રૂમ :** પ્રતિ ૧ કલાક ( સવારે ૦૯ : ૦૦ થી રાત્રે ૧૦ :૦૦) પ્રતિ દિન
- **સ્કલ્પ્ચર રૂમ:** ( સવારે ૦૯ : ૦૦ થી રાત્રે ૧૦ :૦૦) પ્રતિ દિન
- **ડાન્સ રૂમ :** ૬ કલાક પ્રતિ સેશન ( સવારે ૦૮:૦૦ થી બપોરે ૨:૦૦ તથા બપોરે ૩:૦૦ થી રાત્રે ૦૯:૦૦) પ્રતિ દિન
- **મ્યુઝિક રૂમ :** રીહર્સલ માટેના સેશન (૪ : ૦૦ કલાક પ્રતિ સેશન)
- સવારે ૦૮:૦૦ થી ૧૨:૦૦, બપોરે ૦૧:૦૦ થી ૦૫ :૦૦, સાંજે ૦૬:૦૦ થી ૧૦:૦૦
- **ડ્રોઈગ રૂમ :** સેશન (૪ : ૦૦ કલાક પ્રતિ સેશન)
  સવારે ૦૮:૦૦ થી ૧૨:૦૦, બપોરે ૦૧:૦૦ થી ૦૫ :૦૦, સાંજે ૦૬:૦૦ થી ૧૦:૦૦
- વધુમાં પરફોર્મિંગ આર્ટ સેન્ટરના નિયમો અને ભાડાની વિગત નીચે મુજબ છે.

**પર્ફોમીંગ આર્ટ સેન્ટરની વિવિધ સવલતો માટેના દરો.**

- શૈક્ષણિક, ધાર્મિક મીટીગ, સેમીનાર, પ્રવચન, વિગેરે માટે. પહેલા અને બીજા સેશન માટે. (ટીકીટના દર વગરના કાર્યક્રમ માટે) શ્રધ્ધાંજલીના કાર્યક્રમ માટે ૩ :૩૦ કલાકનું શેસન રહેશે, જેનું ભાડુ રૂા.૧,૫૦૦/– ભરવાનું રહેશે.
- નાટક, બેલે, (નૃત્ય નાટિકા) શાસ્ત્રીય નૃત્ય, રાસ–ગરબા, સુગમ ગીત–સંગીત, ગીત–ગઝલ, ભજન, ડાયરો મુશાયરો (કવિ સંમેલન) કવ્વાલી, જાદુ, વિગેરે માટે જેનું ભાડુ જેનું ભાડુ રૂા.૩૦૦૦/– ભરવાનું રહેશે.
- નાટક, બેલે, (નૃત્ય નાટિકા) શાસ્ત્રીય નૃત્ય, રાસ–ગરબા, સુગમ ગીત–સંગીત, ગીત–ગઝલ, ભજન, ડાયરો મુશાયરો (કવિ સંમેલન) કવ્વાલી, જાદુ, વિગેરેના **રીહર્સલ** માટે જેનું ભાડુ રૂા.૧,૫૦૦/– ભરવાનું રહેશે.
- અન્ય વ્યવસાયિક કાર્યક્રમ માટે, જેનું ભાડુ રૂા.૬૦૦૦/– ભરવાનું રહેશે.
- રેકોડીગ રૂમ (પ્રતિ કલાક) માટે, જેનું ભાડુ રૂા.૫૦૦/– ભરવાનું રહેશે.
- ડાન્સ અને રીહર્સલ રૂમ માટે, જેનું ભાડુ રૂા.૭૦૦/– ભરવાનું રહેશે.
- મ્યુઝિક રૂમ (૪ કલાક) માટે, જેનું ભાડુ રૂા.૫૦૦/– ભરવાનું રહેશે.
- ડ્રોઈગ રૂમ (૪ કલાક) માટે, જેનું ભાડુ રૂા.૫૦૦/– ભરવાનું રહેશે.
- સ્કલ્પટીગ રૂમ (પ્રતિ દિન) માટે, જેનું ભાડુ રૂા.૭૦૦/– ભરવાનું રહેશે.
- બુકીગ માટેના અરજી પત્રકની કિંમત રૂા.૨૦/–

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉપરોકત સવલતોનો વધુ ઉપયોગ થઈ શકે તે માટે માનદસેવાથી રાહત દરોના વર્ગો ચલાવવાનું નકકી કરવામાં આવે છે, જેમાં કલાપ્રેમીઓ દ્વારા નિભ વ્યવસાયિક ધોરણે વર્ગો ચલાવવામાં આવશે. ઉત્સુક સંસ્થા/ વ્યકિતએ પરફોર્મિંગ આર્ટ સેન્ટરનો સંપર્ક કરવાનો રહશે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં. 603
તા.૨૨ /૦૭/૨૦૧૫

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૨૦.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૬ ફાઈલના રૂા.૪.૯૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૬ લોકેશન(ખાડા)૩૭૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૦.૧૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૨૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૪૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૪ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૬ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા નવા પાણીના કનેકશન કુલ–૩૬ આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૮૯ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૮.૪૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૬.૧૩ લાખ થયેલ છે.,૧૭ ભ્મહ તથા ૧૨ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૯૨૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૩.૫૨૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૨ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૩૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૬૭૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૧૯૪૩૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૦૭૬ કરવામાં આવેલ છે. જયારે ૧૧ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૭/૨૦૧૫ થી તા.૧૯/૦૭/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૧૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૬૦૪૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૫૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૪૯૭ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૭૧,૬૫,૦૯૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૮ એન્ટ્રીમાં રૂા.૬૧,૮૨૦/– અને આર.સી.ની ૪૨ એન્ટ્રીમાં રૂા.૧,૭૯,૭૩૦/– મળી કુલ રૂા.૨,૪૧,૫૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

પાણી ખાતા દ્વારા ૦૫ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૩ ફાઈલોના રૂા.૮,૨૩,૧૬૩/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસં વસુલાત રૂા.૫૬,૬૦૦/–, મિલ્કતા ભાડાના રૂા.૧૫૬૯/, દબાણ ચાર્જના રૂા.૭,૨૫૦/– તેમજ વહીવટી ભાર્જ રૂા.૧૮૭૮/– મળી કુલ રૂા.૬૭,૨૯૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૩ લારી જપ્ત કરવામાં   આવેલ છે

TOP